**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૪ ટકા

# શહેરમાં સ્પેશિયલ ખેલ મહાકુંભ રમતોત્સવ શરૂ



શિયાળાની ઋતુ સાથે જ શહેરમાં સ્પેશિયલ ખેલ મહાકુંભ રમતોત્સવ પણ શરૂ થઈ ચુકયો છે. શહેરના સે-૭માં મહિલા ચૌધરી કોલેજ ખાતે યોજાઈ રહેલ સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં દોડ, સ્લો રેસ, લાંબો કુદકો, ગોળા ફેંક, સોફટબોલ જેવી વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ૪૫૦ જેટલા દિવ્યાંગ યુવા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.





## સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે તા. ૧૨ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર દરમિયાન વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ યોજાશે. જેમાં સવારે આઠ થી રાતના આઠ વાગ્યા સુધી વિવિધ કાર્યક્રમ યોજાશે.

શાસ્ત્રી હરિપ્રિયદાસ તથા વચનામૃત જ્ઞાનવર્ષા મહોત્સવ સમિતિ અને ગાંધીનગર સર્વ સત્સંગ સમાજ દ્વારા સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે વચનામૃત જ્ઞાન મહોત્સવ યોજાશે. જે અંતર્ગત તા. ૧૨ ડિસેમ્બરના રોજ સવારે ૮ વાગ્યે વચનામૃત પૂજન, હરિ મહાવિષ્ણુ યાગ પ્રારંભ સાંજે ૫.૩૦ વાગ્યે યજ્ઞ પૂર્ણાહૂતિ, રાત્રે ૮ વાગ્યે ભાઈઓ અને બહેનોના અલગ અલગ વિભાગમાં રાસ ગરબા યોજાશે. તા. ૧૩ ડિસેમ્બરના રોજ સવારે ૮ વાગ્યે ઠાકોરની શોભાયાત્રા, ઉદઘાટન સમારોહ, દીપ પ્રાગટય અને વચનામૃત કથા સત્સંગ બપોરે ૨.૩૦ વાગ્યે જ્ઞાનવર્ષા નગરયાત્રા રાત્રે ૮ વાગ્યે બ્રહ્માનંદ કલાકેન્દ્ર સંગીત સંકીર્તન પ્રેરણાદાયી મણિયારો રાસ તથા સંતના સાંનિધ્યમાં વચનામૃત જ્ઞાન ગોષ્ઠી યોજાશે. તા. ૧૪ ડિસેમ્બરના રોજ સવારે ૮ વાગ્યે વચનામૃત કવીઝ, પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજ કૌશલેન્દ્રપ્રસાજી મહારાજનું આગમન, બપોરે ૨.૩૦ વાગ્યે બહેનોનો વચનામૃત પ્રેરણા પ્રસંગ સત્સંગ, સદભાવ અને ભકિતલક્ષી કાર્યક્રમ રાત્રે ૮ વાગ્યે છંદ, દોહા-કીર્તનની રમઝટ સાથેનો સોરઠ રાસ, નાટીકા અને જ્ઞાન ગોષ્ઠિ યોજાશે. તા. ૧૫ ડિસેમ્બરના રોજ સવારે ૮ વાગ્યે વચનામૃત કથા સત્સંગ, ઠાકોરજી મહાભિષેકનો ભકતોને વિશેષલક્ષી વચનામૃત અભિષેક, પૂજન મહાનિરાજન સમૂહ આરતી, આશીર્વચન, વચનામૃત સ્વાધ્યાય યજ્ઞ સમાપન સંકલ્પ અને પૂર્ણાહુતિ સભા યોજાશે. આ મહોત્સવનું લાઈવ દર્શન www.hkshastri.org પર નિહાળી શકાશે. સર્વે ભકતોને મહોત્સવમાં ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## નિર્માણ ન્યુઝના ચેનલ હેડ સતિષ મોરીના પિતાજીનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૧

જીટીપીએલ નિર્માણ ન્યુઝ ચેનલના હેડ સતિષ મોરીના પિતાજી કલાભાઈ કરશનભાઈ મોરીનું રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થની અંતિમયાત્રા રવિવારના સાંજે ૭ કલાકે વિરમગામ તાલુકાના કાળીયાસણ ગામેથી નીકળી હતી. કલાભાઈ કરશનભાઈ મોરી બાઈક ઉપર જઈ રહ્યા હતા, તે સમયે વિરમગામ પાસે ભોજવા પેટ્રોલપંપ નજીક અચાકન કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત કલાભાઈ મોરીનું દુઃખદ અવસાન થયું હતું. અચાનક તેમના અવસાનથી સમગ્ર પરિવાર અને ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે તેમની અંતિમ યાત્રામાં પરિવારજનો, સગા-સ્નેહીઓ, આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## મેદરા કેનાલ પાસેથી દેશી દારૂ ભરેલ સ્કોર્પીયો અને એકસેસ સાથે બે શખ્સોની ધરપકડ





ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક મેદરા ગામની સીમમાં આવેલા નર્મદા કેનાલ પાસેથી ગતરાત્રીના સુમારે ગાંધીનગર એલસીબી પોલીસે એક એકસેસ અને સ્કાર્પીઓ ગાડીમાં દેશીદારૂની હેરફેર પકડી પાડી છે. એલસીબી પોલીસે ૯૯૯ લીટર દેશી દારૂ સાથે એકસેસ, સ્કોર્પીઓ, મોબાઈલ સહિત કિં.રૂ.૨,૨૯,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસવડા મયુર ચાવડા એ જિલ્લામાં પ્રોહિ અને જુગારની પ્રવૃતિ નેસ્ત-નાબુદ કરવા આપેલી સુચનાને પગલે એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ તેમની ટીમના સભ્યો આ દિશામાં કાર્યરત હતા. તે દરમિયાન રાત્રીના પેટ્રોલીંગ સમયે એલસીબી પો.કો નરેશકુમાર પરબતભાઈ તેમજ સજ્જાદઅલી કાદરઅલીને ખાનગી રાહે બાતમી મળી હતી કે મેદરા ગામની સીમમાં આવેલી નર્મદા કેનાલ ઉપર રાધાસ્વામી સત્સંગ આશ્રમના કેનાલ તરફના ગેટ આગળથી એકસેસ અને સ્કોર્પીયો કારમાં વિદેશી દારૂ પસાર થવાનો છે. જેને પગલે એલસીબી પોલીસના જવાનો વોચ ગોઠવીને બેઠા હતા તે દરમિયાન પોલીસે એકસેસ ચાલક વણઝારા વિપુલ મણીલાલ, (રહે. નોબલનગર, નરોડા)ને પકડી પાડી એકસેસમાંથી દેશી દારૂ ૪.૫૦૦ ગ્રામ કિ.રૂ. ૯૦ દારૂ ભરી લાવીને તેમજ ૩ મોબાઈલ ફોન રૂ.૩૮૦૦, એકસેસ રૂ. ૬૦૦૦ સાથે પકડી પાડ્યા હતા. જયારે સ્કોર્પીયો નંબર જી.જે.૧૨.એ.ઈ.૯૯૯૬ કારમાંથી પોલીસે ૯૯૪ લીટર દેશી દારૂ કિ.રૂ. ૧૯,૮૨૦ સાથે ચાલક રઘુનાથ સિંહ ઉર્ફે રવિરોડસિંહ રાઠોડ (ઉં.વ.૨૧ મુળ રહે. સલ્લાડા ઉદેપુર રાજસ્થાન, હાલ ગામ- પેડોલ જોગણી માતાના મંદિર પાસે તા.કણભા જી ખેડા) ને પકડી પાડી ગાડીની કિં. રૂ. ૨,૦૦,૦૦૦ મળીને પોલીસે દેશી દારૂ, એકસેસ કાર અને મોબાઈલ સહિત કુલ રૂ.૨,૨૯,૭૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી બે શખ્સોની પુછતાજ કરતા આ દેશીદારૂનો જથ્થો કાકરખાડ રહેતા વિજયસિંહ ડાભીએ ભરી આપ્યો હતો અને ઉદેસિંહ સિસોદીયા નો (રહે.નરોડા) મંગાવ્યો હોવાથી તેમને પહોંચાડવાનો હતો. સુત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ ઉદેસિંહરના ત્યાં વિપુલ અને રઘુનાથ પગાર ઉપર નોકરી કરતા હતા. જયારે બનાવ અંગે ચારેય શખ્સો સામે પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોઈ મને એકલાં આવવાનું કહે તો હું ના જ પાડી દઉં છું...!!

**ગાંધીનગરમાં પુરુષ-મહિલા બંનેના અવાજમાં ગાયકી માટે જાણીતા વરિષ્ઠ ગાયક કલાકાર તથા સ્ટેજ અભિનેતા ભીખાભાઈ પંચાલ પોતાની પત્નિની ઉપસ્થિતિ વગર એક પણ કાર્યક્રમ કરતા નથી : રાજયભરમાં કાર્યક્રમ કરવા જતાં ભીખાભાઈ કહે છે 'મને મારા સ્કૂટરની પાછળની સીટ ખાલી હોય તે ગમે જ નહીં'**




ગાંધીનગર, તા.૧

ગત ઓગસ્ટ માસની વાત છે જયારે ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે દેશભકિતના ગીતોનો સંગીતમય લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આમ તો સત્તર જેટલાં ગાયક કલાકારો લાઈવ પરફોર્મ કરવાના હતા અને તેમાંથી લગભગ બધા જ કાર્યક્રમ શરૂ થયો ત્યારે હોલમાં હાજર હતા પરંતુ આયોજકોની ચિંતાતુર નજર વારંવાર પ્રવેશદ્વાર તરફ જતી હતી કેમ કે કાર્યક્રમમાં સૌથી પીઢ અનુભવી અને પુરુષ-મહિલા બંનેના અવાજમાં સુમધુર લયબદ્ધ ગીતો ગાઈ શકતા વરિષ્ઠ ગાયક કલાકાર ભીખાભાઈ પંચાલ આવ્યા નહોતા અને તેમનો મોબાઈલ ફોન પણ અસંખ્ય ફોન કરવા છતાં તેઓ ઉપાડતા નહોતા આ સમયે હોલની બહાર સમગ્ર ગાંધીનગરથી અમદાવાદ સુધીના વિસ્તારમાં અચાનક ધોધમાર વરસાદ વરસવો શરૂ થઈ ગયો હતો તેનાથી આયોજકો અજાણ હતા કેમ કે સમગ્ર દિવસ દરમિયાન વરસાદ વરસે તેવા કોઈ આસાર જણાયા નહોતા. કાર્યક્રમની શરૂઆત થઈ અને બે ત્રણ ગીતો પત્યા પછી અચાનક ભીખાભાઈ અને તેમના પત્નિ ઈન્દુબેને સંપૂર્ણ પલળેલી હાલતમાં હોલમાં પ્રવેશ કર્યો ત્યારે આયોજકોને હૈયે ટાઢક થઈ અને વાત કરતા ખબર પડી કે બંને પતિ પત્નિ અમદાવાદમાં એક અન્ય શૉ પતાવીને પોતાના સ્કૂટર પર પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં ધોધમાર વરસાદમાં ફસાઈ જતા મોડા પડયા હતા.

એ કાર્યક્રમમાં પણ ભીખાભાઈએ દર વખતની જેમ પ્રેક્ષકોની અનહદ દાદ મેળવી હતી અને દર વખતની જેમ જ એમના પત્નિ ઈન્દુબેને કાર્યક્રમ પતે ત્યાં સુધી પ્રેક્ષક બનીને કાર્યક્રમને માણ્યો હતો.

ભીખાભાઈ પંચાલ ગાંધીનગરમાં ફિલ્મી સંગીતમાં તો જાણીતું નામ બની ચુકયા છે પરંતુ તેઓ સ્ટેજ અભિનય ક્ષેત્રે પણ ખૂબ અનુભવી પારિતોષિક વિજેતા કલાકાર છે અને તેમની અભિનય તથા સંગીતયાત્રામાં પોતે કલાકાર ના હોવા છતાં હરહંમેશ તેમના ધર્મપત્નિ ઈન્દુબેનની હાજરી દરેક પરફોર્મન્સ વખતે અચૂક રહી છે મૂળ ગાંધીગનર જિલ્લાના સાદરાના જ પરંતુ અમદાવાદમાં મશીનરી બનાવતી કંપનીમાં નોકરીને કારણે દિલ્લી ચકલા સ્થાયી થયેલા લુહાર આત્મારામ પંચાલ અને તેમના પત્નિ શકરીબેનના સતત નવ નવ સંતાનોના અવસાન બાદ પાંચ વર્ષે 'ભીખ માંગીને સંતાનને ઉછેરવાની માનતા' સાથે દસમા સંતાન તરીકે જન્મેલા ભીખાભાઈએ અમદાવાદની નવગુજરાત કોલેજમાંથી એમ.કોમ. કર્યુ હતું. તેઓ પાંચમા ધોરણમાં હતા ત્યારે ૧૫મી ઓગસ્ટે એક શિક્ષકે તેમની પાસે ફિલ્મ 'દસલાખ'ના ગીત 'ગરીબો કી સુન લો વો તુમ્હારી સુનેગા' પર ભીખારી જેવા ફાટેલાં કપડાં પહેરાવી અભિનય સાથે ગવડાવ્યું ત્યારથી તેમને ગાયકી અને અભિનયની લગન લાગી હતી. પછી તો સ્કૂલથી માંડીને કોલેજના ટેલેન્ટ શો, વાર્ષિકોત્સવ કે અન્ય કાર્યક્રમોમાં ભાગ લઈ ગીત ગાવું એ ભીખાભાઈ માટે નિશ્ચિત બની ચુકયું હતું. જો કે ભણવામાં પણ હોંશિયાર એવા ભીખાભાઈ એસએસસીથી પોતાના સહઅધ્યાયીઓના ટયુશન લઈ પોતાના પરિવારને મદદરૂપ થવા લાગ્યા હતા.

ગ્રેજયુએટ થઈને ૧૯૭૯માં ગાંધીનગર સચિવાલયમાં કારકૂન તરીકે નોકરી મળ્યાં પછી ભીખાભાઈના ૧૯૮૧માં ઈન્દુબેન જે તેમનાથી વયમાં બે વર્ષ જેટલાં મોટા છે તેમની સાથે લગ્ન થયાં અને ૧૯૮૨માં તેમને ગાંધીનગર સરકારી કવાટર્સ મળી જતા અહીં શીફટ થઈ ગયા હતા. તેઓ જયારે અપડાઉન કરતા હતા ત્યારે પણ બસમાં મિત્રોનું સારું ગ્રુપ બનાવ્યું હતું અને દરરોજ કલાકની મુસાફરી ગીતો ગાવામાં જ પુરી કરતા જેથી તેમને ભરપૂર રિયાઝ થઈ જતો હતો. બાળપણથી જ અસંખ્ય જૂના હિન્દી ગીતો જેમને કંઠસ્થ હતા તેવા ભીખાભાઈએ ગાંધીનગરમાં પણ નોકરી સાથે નાટક તથા સંગીત કાર્યક્રમોમાં સતત સામેલ થવાનું ચાલુ રાખ્યું હતું. ઈન્દુબેન સાણંદ ગોધાવી ગામમાં લુહારીકામ કરતા અને કામ સાથે ભજનો બનાવીને ગાતા રહેતા તેથી ગામમાં ભગત તરીકે ઓળખાતા. ઉભરામ પંચાલ તથા ચંપાબેનના પાંચ સંતાનો પૈકી ત્રીજા નંબરના સંતાન હતા. પિતાને કારણે સંગીતમાં રસ ધરાવતા ઈન્દુબેનને ગાયકી તો નહોતી ફાવી પરંતુ એક આદર્શ પત્નિ તરીકે તેમના પતિની નોકરી ઉપરાંતના સંગીતના શોખ તથા બાળકોના અભ્યાસ વગેરે વચ્ચે તાલમેલ સાધવાની કોઠાસુઝ સારી હતી. ભીખાભાઈ પંચાલે શહેરના સુવિખ્યાત નાટયકાર અપ્તર સૈયદના ગ્રુપમાં નાટકોમાં ભાગ લઈ ત્રણ વાર 'બેસ્ટ ડ્રામા એકટર'નો રાજય સરકારનો પુરસ્કાર તથા ૨૦૦૧માં ભારત સરકારનો 'બેસ્ટ સપોર્ટીંગ એકટર' પુરસ્કાર અને ૨૦૦૨માં 'બેસ્ટ મેલ એકટર ઈન ઈન્ડિયા' એવોર્ડ જીતી ચુકયાં છે. આ સાથે તેમણે ગુજરાતી ફિલ્મોના મેધાવી સુપરસ્ટાર સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદી સાથે તેમના 'અભિનય સમ્રાટ' નાટકમાં પહેલા ૨૫ શોમાં સહાયક અભિનેતા તથા તે પછી તેજ નાટકના બીજા ૩૦ શોમાં મહત્વનું અવધૂત મહારાજનું પાત્ર ભજવ્યું હતું. જો કે આ દરમિયાન પણ તેમનો ઝુકાવ સંગીત તરફ વધુ રહ્યો હતો અને શહેરના અઢળક સંગીત કાર્યક્રમોમાં તેઓ ભાગ લેતા એટલું જ નહી પરંતુ અમદાવાદ સહિત અન્યત્ર સ્થળે નાના-મોટા સ્ટેજ કાર્યક્રમો, સામાજિક કે શૈક્ષણિક કાર્યક્રમો તથા ધાર્મિક કે સંસ્થાકીય આયોજનોમાં ગાવા માટે જતા હતા. તેમના દરેકે દરેક કાર્યક્રમમાં તેમના પત્નિ ઈન્દુબેન હંમેશા સાથે જતા અને બંને પતિ પત્નિ સ્કૂટર પર પોતાનો સામાન લઈને કાર્યક્રમ સ્થળે પહોંચી જતા હતા. પુરુષ તથા મહિલા એમ બંને અવાજમાં મહેશ કનોડિયા પરથી પ્રેરણા લઈને ગાયકીની હથોટી જમાવનાર ભીખાભાઈ જયારે કોઈ આયોજક એકલા આવવાનું કહે તો કોઈ પણ બહાનું કાઢી કામ કરવાની ના જ પાડી દેતા હતા. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ જેવી હેરસ્ટાઈલ રાખીને પણ આગવી છાપ ઉભી કરતા ભીખાભાઈએ સરકારી નોકરીમાં ૨૦૧૬માં નિવૃત થયા બાદ સંગીતને જ જીવન બનાવી દીધું છે અને ઘરમાં જ સંગીતરૂમ પણ તૈયાર કરી દીધો છે. તેમના બે પુત્રો તબીબ બન્યા પછી પોતાના પરિવાર સાથે સેટલ થઈ ગયા બાદ ભીખાભાઈ સાદગીભર્યા જીવન સાથે સતત સંગીના અઢળક કાર્યક્રમો કરે છે અને દરેક કાર્યક્રમ માટે તેમના પત્નિ ઈન્દુબેન જરુરી ચીજવસ્તુઓની બેગ સ્કૂલ બેગની જેમ પીઠ પર ભરાવી તેમની પડખે હોય છે એટલું જ નહી પરંતુ કયારેક પ્રેક્ષકોને 'સરપ્રાઈઝ' તરીકે પતિ સાથે સ્ટેજ પર અભિનયમાં પણ સાથ આપે છે.





- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
બાલા - ૧૦.૪૫, ૭.૧૫
પાગલપંતી - ૪.૦૫
હોટલ મુંબઈ
૧.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
યે સાલી આશિકી
૧૦.૦૦, ૯.૪૦
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૩.૫૫
ગુજરાત ૧૧ (ગુજરાતી)
૬.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૪૦, ૨.૨૦, ૭.૪૦, ૧૦.૨૦
કમાન્ડો ૩
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
કમાન્ડો-૩
૧૧.૧૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
હોટલ મુંબઈ
૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
યે સાલી આશિકી - ૧૨.૧૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૫.૨૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૧.૦૦
મરજાવા - ૧.૪૫, ૧૦.૩૦
બાલા - ૨.૦૦
પાગલપંતી - ૯.૫૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૦૫, ૪.૩૫, ૧૦.૨૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
મરજાવા - ૩.૪૦
પાગલપંતી - ૯.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧.૨૦, ૬.૫૦, ૯.૩૦
બાલા - ૪.૦૦
કમાન્ડો-૩
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫
હોટલ મુંબઈ - ૧૦.૧૦, ૧૨.૫૫, ૬.૩૦, ૯.૧૫
યે સાલી આશિકી
૧૦.૩૫, ૯.૩૦
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૩.૪૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**
મરજાવા - ૭.૩૦
બાલા - ૪.૩૦, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૨.૪૫
પાગલપંતી - ૨.૦૦, ૭.૦૦
ચાલ જીવી લઈએ - ૧૨.૦૦
કમાન્ડો-૩ - ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
હોટલ મુંબઈ
૧૨.૧૫, ૫.૧૫, ૯.૪૫
લવ યુ ટર્ન - ૫.૧૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૨.૪૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૧૦.૦૦
એકસ-રે - ૧૨.૦૦

## રાયસણ બીએપીએસ સ્વામિનારાણ મંદિર ખાતે બાળ મહોત્સવ યોજાશે

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર રાયસણ ખાતે તા. ૧૫ ડિસેમ્બરના રોજ બાળ મહોત્સવ યોજાશે. જેમાં સવારે ૯ થી ૧૨ દરમિયાન યોજાનાર મહોત્સવમાં બાળકો માટે વિવિધ આકર્ષણો પણ રાખવામાં આવ્યા છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામીની પ્રેરણાથી બીએપીએસ બાળ બાલિકા પ્રવૃત્તિ કાર્યાલય અમદાવાદ-ગાંધીનગર દ્વારા બાળ મહોત્સવ યોજાશે. જેમાં સેલ્ફી પોઈન્ટ, ૩ ડી ચાર્ટ, અવનવી રમતો, એડવેન્ચર ઝોન, વિવિધ સ્ટેજ રજૂઆત વગેરે બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ મહોત્સવમાં ભાગ લેવા માટે http://raysan.uniquecomputer.co.in/ પર રજીસ્ટ્રેશન કરાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. મધુરિકા કિશોરભાઈ દવે, ઉ.વ. ૭૪